**રે.મુ.નં.૧૬/૨૦૧૭**

## આંક: ૫ લગત હુકમ

**(૧)** વાદીની અરજીની હકીકત એવી છે કે, ....
" મોજે ગામ સમની, તા.આમોદ, જી.ભરૂચની નીચેની મિલકતો આવેલી છે.

લોટ–અ :

| અનુક્રમ નં. | ખાતા નંબર | બ્લોક નંબર | હેકટર/ આરે | આકાર રૂા. |
|---|---|---|---|---|
| ૧ | ૨૪ | ૩૧૪ | ૧–૦૭–૨૪ | ૯–૪૪ |
| ૨ | ૨૪ | ૩૫૯–૧ | ૦–૪૦–૬૦ | ૫–૩૦ |
| ૩ | ૨૪ | ૩૫૯–૩ | ૦–૭૯–૦૮ | ૧૦–૩૫ |
| ૪ | ૨૪ | ૫૮૧–અ | ૦–૫૯–૯૬ | ૭–૧૯ |
| ૫ | ૨૪ | ૫૮૧–બ | ૦–૬૯–૭૯ | ૭–૮૭ |

લોટ –બઃ

મોજે સમની તા.આમોદ ની વસ્તે મધ્યે ઘર ગભાણો નીચે મુજબ આવેલા છે જેની વિગતો નીચે મુજબ છે.

૧. અનુ.નં.૪૯૧ મિ.પ્રો.નં.૩/૧૧૫ થી ઘર ૧ વણકરવાસમાં આવેલ છે.

૨. અનુ.નં.૪૯૨ મિ.પ્રો.નં.૩/૧૧૬ થી ઘર ૧ વણકરવાસમાં આવેલ છે.

૩. અનુ.નં.૫૧૯ મિ.પ્રો.નં.૩/૧૪૨ થી ઘર ૧ વણકરવાસમાં આવેલ છે.

૪. ગભાણ ૧ અનું.નં.૪૯૩ મિ.પ્રો.નં.૩/૧૧૭ થી વણકરવાસમાં આવેલ છે.

૫. અનુ.નં.૫૧૭ મિ.પ્રો.નં.૩/૧૪૦ થી ગભાણ ૧ વણકરવાસમાં આવેલ છે.

૬. અનુ.નં.૫૧૮ મિ.પ્રો.નં.૩/૧૪૧ થી ગભાણ ૧ વણકરવાસમાં આવેલ છે.

હિન્દુ કાયદા મુજબ વાદીના દાદાની મીલકત વાદીના પિતા પાસે આવેલી અને તેના પછી તેઓ બીજી પેઢી એટલે કે આ મીલકત સંયુકત વડીલોપાર્જીત કહેવાય અને કાયદા મુજબ તેના દરેક સભ્ય જન્મથી સહમાલીક બને છે. વાદીના પિતા તા.૩/૧૦/૨૦૦૬ ના રોજ ગુજરી ગયેલા તેઓ ગુજરતા તેમના નામે આવેલ મીલકતોની વારસાઈ કરવામાં આવેલી અને વારસાઈમાં વાદી તથા પ્રતિવાદીઓના નામ કોઈ પણ જાતના વાંધા વગર દાખલ કરવામાં આવેલા અને વાદી તથા પ્રતિવાદીઓ સહમાલીક સહકબજેદાર બનેલા. દાવાવાળી મીલકત વાદીની વડીલોપાર્જીત મીલકત હોય વાદીના પિતા સહમાલીક હોય તેઓએ કોઈ લખાણ કરી મીલકતની સરખે હિસ્સે વહેચણી કરી ના હોય તેમજ કહેવાતુ વીલ વર્ષો બાદ પ્રતિવાદીએ રજુ કરી તેના નામની વારસાઈ કરાવી હોય જેથી વીલ કાયદેસરનું

નથી. દાવાનું કારણ વાદીના પિતા તા.૩/૧૦/૨૦૦૬ ના રોજ ગુજરતા તેમના ફોરમલ નામે ચાલતી મીલકતોની વારસાઈ રેવન્યુ રેકર્ડમાં કરાવી ત્યાર બાદ તા.૪/૮/૧૬ ના અરસામાં પ્રતિવાદી નં.૧ થી ૩ નાએ એક વીલ યાને વસીયતનામુ મામલતદારશ્રીમાં રજુ કરી મોટાભાગની મીલકતમાં તેનું નામ દાખલ કરાવી દીધુ ત્યારથી નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે. સબબ દાવો કરી દાદ માંગેલ છે કે, દાવાવાળી મીલકતના રેવન્યુ રેકર્ડમાં વાદીના પિતા ગુજરી ગયા બાદ વારસાઈ થયા બાદ પ્ર તિવાદી નં.૧ થી ૩ નાએ વીલના આધારે વારસાઈ કરાવી છે તે મીલકતો પ્રતિવાદી નં.૧ થી ૩ જાતે કે તેમના માણસો, નોકરી, એજન્ટો કે પાવર ઓફ એટર્ની મારફતે કોઈને તફરકે કરે કરાવે નહી તેવો તથા દાવાવાળી મીલકતનો વાદી વ્યાજબી ઉપભોગ ઉપયોગ કરે તેમા પ્રતિવાદી નં.૧ થી ૩ હરકત, અંતરાય, અવરોધ કરે કરાવે નહી તેવો દરમ્યાનનો મનાઈ હુકમ ફરમાવવા તેમજ દાવાનો તમામ ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા અને નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી બીજી દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) સદર કામના પ્રતિવાદીઓને નોટીસ સમન્સ બજતા પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ આંકઃ– ૧૮ થી વાદીની અરજીનો લેખિતમાં જવાબ આપી વાદીની અરજીના મોટાભાગના પેરાની હકીકતો નો ઈન્કાર કરેલ છે અને વાદીએ અરજીના પેરા નં.૫ કરી જે દાદઅને અરજ માંગેલી છે તેવી કોઈ દાદ કે અરજ વાદીને કાયદેસર માંગવાનો અધિકાર નથી. જેથી પણ વાદીનો દાવો ખર્ચ સાથે નામંજુર થવા પાત્ર છે. વાદીની દાવા અરજીની હકીકતો જોતા, વાદગ્રસ્ત મીલકતો સંદર્ભે વાદીનું અત્યાર સુધીનું વર્તન જોતા વાદીની દાવાઅરજીને એસ્ટોપલનો સ્પષ્ટ બાદ નડતો હોય, તે મુદો પ્ર ાથમીક મુદો ઘડી, તેનો પ્રથમ ન્યાય નિર્ણય થવો જોઈએ કારણ કે વાદીએ સદર દાવાના કામે કેટલીક હકીકતો ધ્વારા મીલકતને પડકારેલ છે તથા સદર દાવા અરજી ગર્ભિત રીતે વારસાઈ અને વીલને સ્વીકૃતિ આપેલ હોય વાદીના દાવાને સ્પષ્ટપણે પુરાવા અધિનિયમની કલમ ૧૧૫ હેઠળ એસ્ટોપલનો બાધ નડે છે. દાવા અરજીને સી.પી.સી. ઓર્ડર ૭, રૂલ ૧૧ (ડી) ની જોગવાઈઓનો સ્પષ્ટપણે બાધ નડે છે. તેમજ સદર પેરામાં વીલ યા વસીયત કોઈ કોઈ લેખીત દસ્તાવેજથી એક વ્યકિત મીલકત રફેદફે કરી શકે નહી કે પિતાને વીલ કરવા કે મીલકત વેચવા સમાજમાં કોઈ રીવાજ ન હોવાની હકીકતો, તખદન વાહીયાત અને કાયદાના પ્રબંધોમાં બંધબેસતુ ન હોય માની શકાય તેમ નથી. લોટ–બ થી આવેલ આ ઘર અને ગભાણ તેઓના દાદાની અને પિતરાઈઓની મીલકત હતી પરંતુ તેઓના દાદા આ ઘર અને ગભાણોના માલીક બનેલા ની હકીકત તદન ખોટી, પાઠાફેર છે. સદર પેરામાં વધુમાં હકીકત કે, હિન્દુ કાયદા મુજબ તેઓના દાદાની મીલકત તેમના પિતા પાસે આવી અને તેના પછી અમો બીજી પેઢી એટલે કે આ મીલકતો વડીલોપાર્જીત કહેવાય અને કાયદા મુજબ તેના દરેક સભ્ય જન્મથી સહમાલીક બને છે. નામદાર અદાલત સમક્ષ ચોખ્ખા હાથે આવેલ નથી. દાવા અરજીની

હકીકત, દસ્તાવેજો, તેમજ સાધનીક કાગળો જોતા વાદી મલીન ઈરાદાથી, પ્રતિવાદીઓને હેરાન પરેશાન કરવા તેમજ ખોટી રીતે નાણા પડાવવાના કારસો કરવા માટે, નામદાર અદાલત સમક્ષ આવેલાની પ્રતિતી થાય છે જેથી પણ વાદી નામદાર અદાલતમાં હાલનો દાવો કરી કોઈ દાદ મેળવવા હકકદાર બનતા નથી.

**(૩)** ઉપરોકત પક્ષ નિવેદનો તેમજ વાદી પ્રતિવાદી તર્ફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને મૌખિક દલીલો ધ્યાનમાં લેતા હાલની મનાઈ અરજીના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–::: મુદ્દાઓ:::–**

(૧) શું વાદી પુરવાર કરે છે કે તેઓનો પ્રથમ દર્શનિય કેસ છે. ?

(૨) શું વાદી પુરવાર કરે છે કે અગવડ સગવડની સમતુલા વાદીની તરફેણમાં છે. ?

(૩) શું વાદી પુરવાર કરે છે કે માંગ્યા મુજબની દાદ મંજુર નહી થવાના સંજોગોમાં વાદીને નાણાથી પણ ભરપાઈ ના થાય તેવું ગંભીર અને પારાવાર નુકશાન જાય તેમ છે. ?

(૪) શું હુકમ ?

ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ છે.

➔ (૧) નકારમાં.

➔ (૨) નકારમાં

➔ (૩) નકારમાં

➔ (૪) આખરી હુકમ મુજબ

ઉપરોકત મુદ્દાઓ એકબીજા સાથે સંકળાયેલા હોય વિગતોનું પુનરાવર્તન ટાળવા તમામ મુદ્દાઓની ચર્ચા એક સાથે નીચે મુજબ છે.

**(૪)** હાલના વાદી ધ્વારા માંગવામાં આવેલ મનાઈ અરજી સંદર્ભે નિર્ણય કરતા અગાઉ પ્રથમ આપણે સીવીલ પ્રોસીજર કોડમાં કરવામાં આવેલ જોગવાઈઓ ધ્યાને લેવી અત્યંત આવશ્યક છે. મનાઈ અરજીનો નિર્ણય કરતા ઓર્ડર ૩૯ જોવો જરુરી છે.

**નિયમ (૧) જેમા કામ ચલાઉ મનાઈ હુકમ આપી શકાય એવા કેસ. કોઈપણ દાવામાં સોગંદનામાંથી અથવા બીજી રીતે એવુ સાબિત થાય કે–**

**(એ) દાવાનો કોઈપણ પક્ષકાર દાવામાની કોઈપણ તકરારી મિલ્કત વેડફી**

**નાંખી કઈ નુકસાન કરશે અથવા તે કોઈને આપી દેશે અથવા કોઈ હુકમનામાની બજવણીમાં તે ગેરવાજબી રીતે વેચશે એવી દહેશત છે, અથવા**

**(બી) પોતાના લેણદારોને દગો દેવાના ઉદેશ્યથી પ્રતિવાદી પોતાની મિલ્કત ખસેડવાની અથવા તેનો નિકાલ કરી નાંખવાની બીક બતાવે છે, અથવા તેમ કરવાનો ઈરાદો રાખે છે, અથવા**

**(સી) દાવામાં તકરારી મિલ્કત સબંધમાં, વાદીનો કબ્જો છોડાવી દેવાની અથવા બીજી રીતે વાદીને નુકશાન પહોચાડવાની પ્રતિવાદી ધમકી આપે છે.**

ત્યારે હુકમ કરી તે ન્યાયાલય એવુ કાર્ય અટકાવવા માટે કામચલાઉ મનાઈ હુકમ આપી શકશે. અથવા તે દાવાનો નિકાલ થતા સુધી અથવા બીજો હુકમ થતા સુધી, તે મિલ્કત વેડફાઈ જતી હોય તેને નુકશાન થતુ હોય, તે બીજાને આપી દેવાતી હોય, તે ખસેડાતી હોય તે અથવા તેનો નિકાલ થતો હોય તે બંધ રખાવવા તથા અટકાવવા માટે, અથવા દાવામાની તકરારી મિલ્કતના સબંધમાં વાદીનો કબ્જો છોડાવી દેવા અથવા અન્યથા નુકશાન પહોચાડવા માટે, પોતાને યોગ્ય લાગે તેવો બીજો હુકમ કરી શકશે.

**(૫)** આ કામે વાદીએ પોતાની મનાઈ અરજીના સમર્થનમાં આંક ૩ ના લીસ્ટથી કુલ ૨૩ દસ્તાવેજો રજુ કરેલ છે. જે તમામ દસ્તાવેજો ધ્યાનથી જોવામાં આવે તો નિ.૩/૧ તા.૭/૭/૫૨ ના રોજનો વેચાણ અંગેની નોધ પડયાનો ગામ નમુના નં.૬ નો ઉતારો છે અને તે વેચાણ કાળા નાથા વેચાણ રાખનાર સગીર સુરેશચંન્દ્ર ઠાકોરલાલના વાદી બાઈ બકોર તે ફુલચંદ અમરચંદ ની વિધવા તથા નિ.૩/૨ થી ૧૯૭૭ માં પડેલ ૨૪૯૪ વાળી વારસાઈની ફેરફાર નોંધ છે. ત્યાર બાદ નિ.૩/૩ થી નિ.૩/૮ ગામ નમુના ૮–અ, તથા ૭ ના ઉતારાની નકલ છે. નિ.૩/૯ થી નિ.૩/૧૪ આકારણી પત્રકની નકલો છે. નિ.૩/૧૫ થી વીલ યાને વસીયતનામાની નકલ છે. નિ.૩/૧૬ થી વારસાઈ અંગેની નોંધ, નિ.૩/૧૭ થી હયાતીમાં વહેચણી, નિ.૩/૧૮ થી મરણજનાર ગોંવિદભાઈનો મરણનો દાખલાની નકલ, નિ.૩/૧૯ થી નિ.૩/૨૩ થી ગામ નમુના ૭ અને ૧૨ નો ઉતારો રજુ કરેલ છે અને એવી રજુઆત કરેલ છે કે, દાવાવાળી મીલકત પૈકી અમુક મીલકત અમારા દાદા કાળા નાથાએ વેચાણ રાખેલી અને અમુક મીલકતો વારસાઈથી મળેલી મીલકતો છે, વાદી એવી પણ રજુઆત કરે છે કે, અમો ગોવિદભાઈ કાળાભાઈ ના પ્રથમ પત્નીના પુત્ર છીએ જયારે પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ ગોવિદભાઈ કાળાભાઈના અમારી માતૃશ્રીને કાઢી મુકયા બાદ બીજી સ્ત્રી સાથે ના સહવાસથી જન્મેલ સંતાનો છે. જેથી અમો વાદી અને પ્રતિવાદી નં.૪ ગોવિદભાઈ કાળાભાઈ ના કાયદેસરના વારસદાર છીએ. આમ દાવાવાળી મીલકત વડીલોપાર્જીત મીલકત હોય તેમજ અમો વાદીના પિતા ગોવિદભાઈ કાળાભાઈને નિ.૩/૧૫ વાળા વીલ

યાને વસીયતનામા કરવાનો કોઈ હકક અધિકાર નથી અને જો વસીયતનામુ કરે તો પણ તેમને મળવા પાત્ર ભાગ પુરતુ વસીયતનામુ થઈ શકે. જેથી હાલનો દાવો વસીયતનામુ કાયદા વિરુધ્ધનું ઠરાવવા તેમજ દાવાવાળી મીલકત વડીલોપાર્જીત હોય કબજાનું પ્રાથમીક હુકમનામુ મેળવવા તથા પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓએ વીલ આધારે વારસાઈ કરાવેલ હોય જો તેવો વારસાઈ ના આધારે અન્ય કોઈ ત્રાહીતને તફરકે કરાવે તો વાદીનો કાયદેસરનો હકક, હિત, હિસ્સો માર્યો જાય અને નાણાથી ભરપાઈ ના થાય તેવુ નુકશાન થવાની શકયતા છે.

(૬) પ્રતિવાદી નં.૧ થી ૩ ધ્વારા માત્ર આંક–૧૬ નો જવાબ રજુ કરેલ છે પરંતુ મનાઈ અરજી સંદર્ભે હાજર થઈ કોઈ દલીલ કરેલ નથી અને તેઓના જવાબની વિગતો ધ્યાનમાં લ ેવામાં આવે તો તેઓએ એવુ જણાવેલ છે કે, દાવાને એસ્ટોપલનો તથા ઓર્ડર ૭, રૂલ ૧૧(ડી)નો બાધ નડે છે. વાદીએ હિન્દુ કાયદા મુજબ દાદાની મીલકતમાં પિતાની પાસે આવી અને તેના પછી અમો બીજી પેઢી એટલે કે આ મીલકતો વડીલોપાર્જીત કહેવાય અને કાયદા મુજબ તેના દરેક સભ્યોને જન્મથી જ સહમાલીક બને વિગેરે વાતો ખોટી છે. વાદી પોતાના કથનો ફેરવી તોળતા હોય એક તરફ હિન્દુ કાયદાનથી ગર્વન ન હોવાની કથની કરે છે અને બીજી તરફ હિન્દુ વારસા અધિનિયમ અને હિન્દુ કાયદાની વાતો કરે છે. જે હકીકતો ગોળ ગોળ અને અસ્પષ્ટ હોય તથા કાયદાથી પ્રતિબંધિત હોય માની શકાય તેમ ના હોય દાવો કરી દાદ મેળવવા હકકદાર બનતા નથી તેવી રજુઆત છે.

(૭) ઉપરોકત વિગતે રેકર્ડ પરના પુરાવા આધારે એક વાત સ્પષ્ટ થાય છે કે દાવાવાળી મીલકત ગોવિદભાઈ કાળાભાઈની છે અને ગોવિદભાઈ કાળાભાઈને પ્રતિવાદી નં.૧ થી ૩ ને વસીયત કરી આપેલ છે અને દાવાવાળી મીલકત પૈકી નિ.૩/૨ વાળી મીલકત એટલ ે કે ૩૫૯, ૫૮૧ વાળી કાળાભાઈ નાથાભાઈની વારસાઈમાં ગોવિદભાઈનું નામ દાખલ થયેલાનું જણાય છે.આમ દાવાવાળી મીલકત પૈકી અમુક મીલકત વડીલો પાર્જીત હોવાનું જણાતુ હોય મુદા નં. ૧ અંશતઃ હકારમાં જવાબ આપુ છુ પરંતુ મુદા નં. ૨ પરત્વે વાદીએ એ બાબત પુરવાર કરેલ નથી કે, મીલકતમાં વીલ ને આધારે નામ માત્ર દાખલ થવાને માત્રથી દાવાનું કારણ કેવી રીતે ઉપસ્થિત થયુ કારણ કે મીલકતમાં નામ દાખલ થવા માત્ર થી મીલકત રફેદફે થઈ જાય તેવુ જણાતુ નથી. જેથી અગવડ સગવડની સમતુલા વાદીની તરફેણમાં નથી જેથી મુદા નં.૨ નો નકારમાં જવાબ આપુ છુ અને દાવાવાળી મીલકત વીલને આધારે પ્રતિવાદી નં.૧ થી ૩ ના નામે દાખલ થયેલ હોય અને તેને કારણે પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ તફરકે કરશે તેવી શકયતાઓ બાબતે વાદી પ્રતિવાદી નં.૧ થી ૩ નાઓ ધ્વારા મીલકત અન્યત્રે ટ્રાન્સફર કરવાની કે વેડફી

દેવાનો પ્રયત્ન હોય તેવુ બતાવતી કોઈ પણ વિગત રેકર્ડ પર લાવવામાં આવેલ નથી. આવા સંજોગોમાં મુદા નં. ૩ મુજબ મનાઈ હુકમ નહી આપવાના સંજોગોમાં વાદીને પારાવાર અને ગંભીર નુકશાન થાય તેવી શકયતા એટલા માટે જણાતી નથી કે વાદી અને પ્રતિવાદીના સંયુકત નામે દાવાવાળી મીલકતો ચાલે છે જેથી મુદા નં.૩ નો જવાબ નકારમાં આપુ છુ અને મુદા નં.૪ પરત્વે નીચે મુજબનો હુકમ કરુ છુ.

**::: હુકમ :::**

વાદીની હાલની આંક–પ ની અરજી નામંજુર કરવામાં આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તારીખઃ ૨૧મી માહે માર્ચ સને ૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભવાળીને જાહેર કર્યો.

**આમોદ.**
**તા. ૨૧/૦૩/૨૦૧૮**

**(વી.કે.વાઘેલા)**
**પ્રિન્સીપાલ સીવીલ જજ,**
**આમોદ.**
**કોડ નં.જીજે ૦૧૪૬૫**